# ભારતીય સમાજ વ્યવસ્થામાં વૈદિક યુગથી પ્રવર્તમાન યુગમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન અને સુધારણા

**ડૉ. અર્ચના ટી. અમીન**
**વૈદ્ય શ્રી એમ.એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ**

**સારાંશ**

પ્રસ્તુત પેપરમાં વૈદિકયુગ, ઉત્તર વેદકાલીન સમય, સ્મૃતિયુગ, મધ્યકાલીન યુગ અને વર્તમાન યુગમાં સ્ત્રીના સામાજિક દરજ્જાની ચર્ચા કરવામાં આવી છે. પ્રવર્તમાન યુગમાં સ્ત્રીના સમાજિક દરજ્જાની સુધારણા અંગે સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ, સ્ત્રીઓનો વિકાસ, સ્ત્રીઓ અંગેના કાયદાઓની જાગૃતિ અને આ અંગે સામાજિક વાતાવરણના બદલાવ માટેના પ્રયાસો, સ્ત્રીઓની આર્થિક વિકાસ ભારતના ગ્રામ્ય વિસ્તાર સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. તો જ અસમાનતા બધા પ્રશ્નો હળવા થશે. આ માટે સૌએ સાથે પ્રયાસ કરવો પડશે.

*हे नारी उठाकर कागज-कलम बनो तुम साक्षर,*

*फिर करों अपने अधिकारो और समानता पर हस्ताक्षर ।*

ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના સામાજિક દરજ્જામાં  સમયે સમયે પરિવર્તન આવતું રહ્યું છે અને એ પરિવર્તન સમાજના વિકાસના નકશાને બદલતું રહ્યું છે. સ્ત્રીના બદલાતા સામાજિક સ્થાનો સમજવા માટે વૈદિક યુગથી પ્રવર્તમાન યુગમાં સ્ત્રીના સામાજિક દરજ્જાને સમજવો જરૂરી લાગ્યો તેથી પ્રસ્તુત વિષયને પસંદ કરવામાં આવ્યો છે.

## વૈદિક યુગમાં સ્ત્રીનું સામાજિક સ્થાન

આ સમયગાળામાં વેદોની રચના કરવામાં આવી. તેથી વેદકાલીન સમયમાં વૈદિકકાળમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચુ, સન્માનપૂર્વક અને પુરુષની સમોવડીનું હતું. તેને શિક્ષણની પૂરી તકો હતી. તેને વેદો રચવા, ભણવા અને યજ્ઞ કરવાનો પૂરો અધિકાર હતો. ઘોષા, લોપ મુદ્રા, વિશ્વરા વગેરે સ્ત્રીઓએ વેદની ઋચામાંની રચના કરેલી. જ્યારે ગાર્ગી, મૈત્રેયી ઉદ્દાલિકા વગેરે વિદૂષિઓએ ઉચ્ચ આધ્યાત્મિક સિધ્ધિ પ્રાપ્ત કરેલી.

## ઉત્તર વેદકાલીન સમયમાં સ્ત્રીનું સામાજિક સ્થાન

વૈદિક કાળમાં ઉત્તર વેદકાલીન સમયમાં સ્ત્રીઓની સામાનભૂમિકાની વાતો માત્ર શાબ્દિક બની રહી. વ્યવહારિક દૃષ્ટિએ તેનું માન-સન્માન, મહત્ત્વ, સ્થાન, સ્વતંત્રતા, શિક્ષણ વગેરે ઘટતાં ગયા સ્ત્રીનું સ્થાન ઘર અને વડીલ પુરુષોની આમાન્યા જાળવા પૂરતું રહ્યું. શિક્ષણ મેળવવાનો અને બહાર હરવા ફરવાનો અધિકાર પણ છીનવાઈ ગયો. આ સમયમાં બહુપત્ની પ્રથા પણ અસ્તિત્વમાં આવી.

## સ્મૃતિયુગમાંસ્ત્રીનું સામાજિક સ્થાન

ઈ.સ. પૂર્વેના ૩૦૦ વર્ષ સુધીના સમયને સ્મૃતિ યુગ કહે છે. આ સમયમાં મનુસ્મૃતિની રચના થઈ. મનુસ્મૃતિમાં એક બાજુથી ‘‘જ્યાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવો વસે છે. એવું વિધાન છે તે બીજી બાજુ ‘‘ઢોર, ગમાર પશુ, ની સાથે સ્ત્રીને

પણ તાડનની અધિકારી ગણવામાં આવી. સ્ત્રી પોતાના વિચારો પણ મુક્ત રીતે કરી શકતી નહિ" ડૉ. તારાબેન પટેલના મતાનુસાર ઇ.સ. ૧૦૦૦ થી ૧૮૦૦ સુધી સ્ત્રી શિક્ષણ સંબંધી સંસ્થાનો ઉલ્લેખ પણ જોવા મળતો નથી.

**મધ્યકાલીન યુગમાં સ્ત્રીનું સામાજિક સ્થાન**

આ સમયગાળાને અંધકારયુગ કહેવામાં આવે છે. આ સમયગાળામાં સ્ત્રીઓની અવદશા પરાકાષ્ટાએ પહોંચેલી જોવા મળે છે. નારીનું વધારે અવમૂલ્યન થયું. તેને લાજપ્રથા, મલાજો અને સામાજિક મર્યાદાઓ વચ્ચે જકડાઈ રહેવાનું થયું. સમાજમાં બાળલગ્ન, સતીપ્રથા અને વિધવા-વિવાહ નિષેધની કુરુઢિયો અસ્તિત્વમાં આવી.

**વર્તમાન યુગમાં સ્ત્રીનું સામાજિક સ્થાન**

વર્તમાન સમયમાં થોડી મહિલાઓ રાજ્યશાસનના વડાપ્રધાન સુધી પહોંચી ગઈ. થોડી સ્ત્રીઓ પાઈલોટ બની ગઈ. થોડી સ્ત્રીઓએ હિમાલયનું ઊંચું શિખર સર કરવાની જેટલી તાકાત કેળવી તો કેટલીક સ્ત્રીઓ ચંદ્રલોક પર પહોંચી ગઈ. એટલે સમગ્ર ભારતમાં સ્ત્રીઓનો ઉદ્ધાર થઈ ગયો તેમ સમજવાનું સ્ત્રીઓ માટે કાનૂની જોગવાઈ કરવાથી કે કાયદાપોથીમાં લખી દેવાથી કે સંસદમાં કાયદો પસાર કરી દેવાથી સ્ત્રીઓની સ્થિતિ સુધરતી નથી. સમાનતાના કાયદાથી સ્ત્રીઓને પુરુષ સમોવડી બનાવી શકાતી નથી. આ બધુ કહેવામાં સરળ છે. પરંતુ વાસ્તવિક સ્થિતિ જુદી જ છે.

**પ્રવર્તમાન યુગમાં સ્ત્રીના સામાજિક દરજ્જાની સુધારણા**

સ્ત્રી એ પુરુષની અર્ધાંગીની છે. સ્ત્રી અને પુરુષ બંને એક રથનાં બે પૈડાં છે. બે પૈડાં વચ્ચે સમાનતા ન હોય તો સંસારરૂપી રથ સરખો ચાલી શકે નહીં. સ્ત્રી પુરુષની સમાનતા લાવવા માટે સૌ પ્રથમ પુરુષે સ્ત્રી ઉપરનો સ્વામિત્વનો ભાવ જતો કરીને જીવનસંગિની તરીકેનો ખ્યાલ વિકસાવવો પડશે. જીવનનાં તમામ ક્ષેત્રે સ્ત્રીને સરખો હિસ્સો આપવાની ઉદારતા પુરુષોએ દાખવવી પડશે. સ્ત્રીની બુદ્ધિ પાનીએ – આજે સ્ત્રીઓ પ્રત્યેનો હીણતાભર્યો ખ્યાલ છે તેને બદલવો પડશે. સ્ત્રીને બાપડીમાંથી બહાવરી બનાવવા માટે તેને વિકાસની સરખી તકો પૂરી પાડી રાષ્ટ્રીય વિકાસમાં તેને સહિયારી ભાગીદારી આપવી પડશે. આ ત્યારે જ શક્ય બનવાનું છે કે જ્યારે સ્ત્રી શિક્ષણ વધે. સ્ત્રીઓ સૌ પ્રથમ શિક્ષિત બનશે, આર્થિક રીતે પગભગ બનશે તો આપોઆપ તેમનામાં વિકાસની ભૂખ જાગશે. પોતાના હક્કો વિશે સભાન થશે.

સ્ત્રીઓ એકલા શિક્ષણમાં જ નહીં, પરંતુ જાહેર જીવનના વહીવટમાં રસ લેતી થશે તે વહીવટ વધારે લોકાભિમુખ અને સ્વચ્છ હશે. વધારે ક્રિયાશીલ હશે. સ્ત્રી વિકાસ માટે જે કંઈ બંધારણીય જોગવાઈઓ કરવામાં આવી છે તે માત્ર કાયદા કરવાથી સ્ત્રીઓનો વિકાસ થઈ જવાનો નથી. કાયદા માત્રથી તેમના સામાજિક પ્રશ્નો હલ થઈ જવાના નથી. પરંતુ તે કાયદાઓ કે જોગવાઈઓ પ્રમાણે સ્ત્રીઓની ક્ષમતા કેળવવી પડે, તે માટેનું સામાજિક વાતાવરણ ઉભું કરવું પડે, તે માટે લોકમાનસ ઘડવું પડે તો જ સ્ત્રીઓ તે કાયદાઓનો લાભ ઉઠાવી શકે. અત્યારે દરેક ગ્રામપંચાયતના વહીવટમાં ૧ સ્ત્રી બેઠક અનામત આપી છે, પરંતુ આ કાનૂની સુવિધાની લોકસ્વીકૃતિનું વાતાવરણ સર્જાયું નથી તેથી માત્ર ચોપડા ઉપર સ્ત્રી પ્રતિનિધિનું નામ હોય, બાકી તે સ્ત્રીએ પંચાયત ઘરમાં કદી પગ મૂક્યો ન હોય. આ વાસ્તવિક સ્થિતિ છે. આથી મહિલીઓનો સામાજિક દરજ્જો ઊંચો લાવવા સૌ પ્રથમ શિક્ષિત મહિલા અને મહિલા માટે સમાન વિકાસની તકો ઊભી કરવી પડશે. આ માટે પુરુષોએ સ્ત્રી ઉપર માલિકી ભાવ-વલણ બદલવું પડશે. આઝાદી પછી સ્ત્રીઓની ભૂમિકા અલબત્ત, બદલાઈ છે. જે સ્ત્રીઓ આઝાદી પહેલાં ઘરમાં જ પુરાઈને આખું આયખું પુરું કરી દેતી હતી તે સ્ત્રીઓ આજે જાહેર

જીવનનાં તમામ ક્ષેત્રોમાં સહભાગિતા દાખવવા માંડી છે. સ્ત્રીઓને વિકાસની ભૂખ જાગી છે. તે હવે બાપડીમાંથી બિચારી બની રહી છે.

પારકું આપ્યું અને તાપ્યું એ પણ લાંબો વખત ચાલશે નહીં. સ્ત્રીઓએ પોતે પણ જૂની પરંપરાઓનાં આવરણો ફેંકી દઈ પરિવર્તિત સમાજરચના સાથે તાલ મિલાવવાની સજ્જતા કેળવવી જ પડશે. પોતાના હક્કો અને સહભાગિતા માટે સજાગ બનવું પડશે. બીજા કોઈ અમને સગવડો કરી આપે અને અમે વિકાસ કરીએ આવા પરાયાપનની ભાવનાથી વિકાસ થઈ શકશે નહીં.

આ માટે મહિલાઓએ ખુમારીથી જીવતાં શીખવું પડશે. ખુમારી આપોઆપ નથી આવતી. ખુમારી લાવવા માટે તેની યોગ્યતા કેળવવી પડે છે. એવી સ્થિતિ સમાજમાં સ્ત્રીઓએ ઊભી કરવી પડશે, એટલી લાયકાત, યોગ્યતા ઉભી કરવી પડશે કે પુરુષોએ સમાન તકો આપવી જ પડે. આમ બધું કોઈ લાવી આપે અને ભોગવીએ તેમ નહીં. બધું પોતાના સ્વબળે મેળવવાની તાકાત કેળવવી પડશે.

સ્ત્રીઓનો સામાજિક દરજ્જો ઊંચો લાવવા માટે સૌ પ્રથમ સ્ત્રીઓએ આર્થિક રીતે પગભર બનવું પડશે. પરુષની જેમ પોતે કમાતા થતું પડશે તો પુરુષો આપોઆપ તેમની આવશ્યકતા સ્વીકારશે. નિર્ણયો કરવામાં તેમનો અવાજ સાંભળવાની પુરુષોને ફરજ પડશે. આર્થિક રીતે પગભર થવાથી તેમનો સામાજિક મોભો ઊંચો આવશે. તેઓ શોષણ સામે જેહાદ પોકારશે. પુરુષો પણ સ્ત્રીનું સ્વમાન જાળવીને ચાલશે. સ્ત્રીઓએ પોતાના વિકાસ માટે સરકારી યોજનાઓ કે અનામતનો લાભ જરૂર લેવો જોઈએ, એ પ્રાથમિક તબક્કે બરોબર છે, પરંતુ અનામત હોય તો જ પુરુષો સામે ટકી શકાય તેવું પામર વલણ સ્ત્રીઓએ બદલવું પડશે.

અલબત્ત, છેલ્લા એક દાયકાથી સ્ત્રી શિક્ષણ, સ્ત્રી જાગૃતિ અને સ્ત્રી સહભાગિતા જાહેર ક્ષેત્રોમાં વધી રહી છે તેથી સ્ત્રીઓ આજે વડાં પ્રધાન પદ સુધી પહોંચી છે. અલબત્ત, શહેરી સમાજની સ્ત્રીઓના વિકાસ માટે જેટલી તકો છે તેટલી ગ્રામીણ સમાજની સ્ત્રીઓમાં નથી. તેનું કારણ શિક્ષણના અભાવને કારણે સામાજિક જાગૃતિ ઓછી હોય છે. તેથી હજુ ગ્રામ વિસ્તારમાં સ્ત્રીઓના વિકાસ માટે ઘણું બધું કરવાનું બાકી રહે છે.

આથી સ્ત્રી વિકાસની યોજનાઓ સમાજની છેવાડાની બહેનો સુધી પહોંચે તેવી વ્યવસ્થા કરવાની જરૂર છે. આમ જ્યારે સ્ત્રીઓ જાગ્રત બનશે ત્યારે સામાજિક પ્રશ્નો, વસ્તીવધારો, સામાજિક કુરિવાજો અને અસમાનતાના બધા પ્રશ્નો હળવા થશે માટે બધાએ પ્રયાસ કરવા પડશે

*हे नारी उठाकर कागज-कलम बनो तुम साक्षर,*
*फिर करों अपने अधिकारो और समानता पर हस्ताक्षर ।*

**સંદર્ભગ્રંથ**


૧. ચાવડા, ગીતા (૨૦૦૯). સ્ત્રી સપ્તક, અક્ષર ભારતી પ્રકાશન
૨. દેસાઈ, નીરા અને તૃપ્તિ શાહ (૨૦૦૦). ભારતમાં નારી આંદોલન : સમાન અધિકારથી નારુમુક્તિ, આર.આર. શેઠ કંપની
૩. પટેલ, રામુભાઈ (૧૯૯૯). ભારતીય સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો, ગૂર્જર પ્રકાશન
૪. શાહ, કલ્પના (૨૦૦૩). સ્ત્રી શિક્ષણ વિકાસ અને પડકારો, આર.આર. શેઠ કંપની